E:\Lakhadhir\2011-12\H.C\HC LETTER20-11-12..doc106

ક્રમાંક : ક-૧/એચ.સી/૨૦૧૪-૧૫/ ૪૪૩૦ થી ૪૯૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બહુમાળી ભવન બ્લોક નં.૨/૧
સરદારબાગ, જૂનાગઢ
તા.૧૯/૧૦/૨૦૧૪

પ્રતિ,
સંચાલકશ્રી / આચાર્યશ્રી
સરકારી/ બિન સરકારી શાળાઓ તમામ
જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ

વિષય :– શાળાના તમામ સ્ટાફની સર્વિસ બુક ડુપ્લીકેટ બનાવવા માટે આપવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, આ કચેરીમાં અમુક કર્મચારીઓની વારંવાર ફરીયાદ આવતી હોવાથી અને ભવિષ્યમાં કોઈ કર્મચારી ની સેવાપોથી સંજોગોવસાત ગુમ થવાથી કે અન્ય આફતોથી નાશ થાય તેમજ પુરગ્રસ્ત સંજોગોમાં નાશ થાય તેવા સંજોગોમાં કર્મચારી પાસે રહેલ ડુપ્લીકેટ સેવાપોથી હોય તો વહીવટી કામગીરી સરળતા ભરી બને

તેમજ સરકારશ્રીના નિયમો તેમજ શિક્ષણ વિભાગના નિયમોને ધ્યાનમાં રાખીને કર્મચારી તેઓ પોતાના ખર્ચે અને પોતાના સ્વ હસ્તે ડુપ્લીકેટ સેવાપોથી બનાવી શકે છે.

આથી તમામ આચાર્ય તેમજ સંચાલકોશ્રીને જણાવવામાં આવે છે વર્ષ બે વાર કર્મચારીને તેમની સેવાપોથી શાળા કક્ષાએ આપની સમક્ષ તેઓ તેમની સેવાપોથીના આધારે તેમની ડુપ્લીકેટ સેવાપોથી માં તેમનો ઉતારો કરી લેવા માટે ઓગષ્ટમાસ તેમજ જાન્યુઆરી માસમાં આપવાની રહશે.

જે તે શાળાના કર્મચારીઓ તેમના ફ્રી તાસમાં નોંધ કરવાની રહેશે.

આચાર્યશ્રીઓએ ડુપ્લીકેટ સેવાપોથી લખાવવા માટે કર્મચારીને અનુકુળ સમય તેમજ વહીવટી કાર્ય સરળતા ભર્યું રહે તે ધ્યાનમાં રાખીને કર્મચારી પાસે લખાવી ને પ્રમાણીત કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જૂનાગઢ જિલ્લો,
જૂનાગઢ